DATE : 21/12/2025

SANDESH, PAGE-14, SURAT

### ૧.૮૦ લાખ કરોડનો બુલેટ ટ્રેન, રેલવે, મેટ્રો, BRTS, ST સાથે ટ્રાન્સફોર્મેટિવ પ્રોજેક્ટ

# સાબરમતી સ્ટેશન પાસે ટોક્યોના 'એકીનાકા' જેવું અંડરગ્રાઉન્ડ શહેર ડેવલપ કરવા પ્રસ્તાવ

## ઓલમ્પિક'૨૦૩૬ પહેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમને કનેક્ટેડ ફેસિલિટી ડેવલપ કરવા લક્ષ્યાંક

। ગાંધીનગર ।

વિશ્વના સૌથી વ્યસ્ત રેલ્વે સ્ટેશનો પૈકી એક જાપાનના ટોક્યો એકી-નાકાની તર્જ ઉપર અહીં અમદાવાદના સાબરમતી રેલ્વે સ્ટેશન પાસે ગુજરાત સરકાર અંડરગ્રાઉન્ડ શહેર ડેવલપ કરવા આગળ વધી રહી છે. વિકસિત ગુજરાત @૨૦૪૭ હેઠળ ભવિષ્યના શહેરીકરણ અને આર્થિક ગતિવિધીને ધ્યાને રાખીને રાજ્ય સરકારે દેશના સર્વપ્રથમ મુંબઈ- અમદાવાદ હાઈ સ્પીડ રેલ- MAHSR બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં રેલ્વે, મેટ્રો, BRST, ST સહિતની પરિવહન સેવાઓને એક જ સ્થળે લાવીને ટ્રાન્સફોર્મેટિવ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. રૂ.૧,૮૦,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટના અમલ માટે ગુજરાતના શહેરી વિકાસ વિભાગે હાઈસ્પિડ રેલ સ્ટેશન- HRS એરિયા પ્લાનિંગ ઓથોરિટીની જાહેરાત કરી છે.જાપાનના ટોક્યોનું એકીનાકા એ સ્ટેશનની અંદર ભૂગર્ભમાં ટનલ અને જમીન પર હાઈરાઈઝ બિલ્ડીંગ સાથેનું એક એવુ શહેર છે કે જ્યાં તમામ પ્રકારની ટ્રાન્સપોર્ટેશન ફેસેલિટી તો છે પરંતુ તેની સાથે સાથે ખરીદી માટે મોલ્સ, રોકાણ-ભોજન માટે હોટેલ્સ, રહેઠાણ માટે




રિસિડેન્સીયલ અને આર્થિક પ્રવૃતિ માટે ઓફિસિસ, મનોરંજ માટે થિયેટર-રાઈડ્સથી શરૂ કરીને મિટિંગ માટે ઓડિટોરિયમ સહિતની તમામ ફેસેલિટી એક જ સ્થળે ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૩૬માં અમદાવાદ ઓલમ્પિક માટે તૈયારી કરી રહ્યુ છે, સાબરમતિ સ્ટેશનથી નજીક એરપોર્ટ, ગિફ્ટ સિટી તેમજ નરેન્દ્ર મોદી સ્ટેડીયમ અને ધોલેરા- SIR ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર એમ ગુજરાતના સૌથી મોટા શહેરો હાલમાં રેલ્વે, મેટ્રો, BRTS, ST સહિતના ટ્રાન્સપોર્ટેશનથી કનેક્ટ છે. જેને ધ્યાને રાખીને સ્ટેશન નજીકના ૨૫૦ એકરમાં એક નવુ શહેર ઉભુ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. સ્ટેશનની બંને તરફ ૨૦૦-૫૦૦ મીટરના અંતરે જમીનની અંદર તેમજ ગગનચૂંબી ફેસેલિટી ડેવલપ કરવા ૨૫૦ એકર જમીનની જરૂરીયાત રહેશે. તેમ જણાવતા શહેરી વિકાસ વિભાગના ટાઉન પ્લાનિંગ સાથે સંકળાયેલા અધિકારીએ આ ટ્રાન્સફોર્મેટિવ પ્રોજેક્ટથી સમય અને જમીનની અકલ્પનિય બચત થશે તેમ ઉમેર્યુ હતુ. આ પ્રોજેક્ટ હેઠળ જ્યાંથી બુલેટ ટ્રેનનો આરંભ થઈ રહ્યો છે તે સાબમતી સહિત મુંબઈ સુંધી ૮ સ્ટેશનની પસંદગી કરવામાં આવી છે.

### સુરત સહિત આઠ સ્ટેશનો ભવ્ય રીતે ડેવલપ કરાશે

મુંબઈ- અમદાવાદ બુલેટ ટ્રેન રૂટમાં આરંભના સ્ટેશન સાબરમતી તો શહેર તરીકે ડેવલપ થશે જ પરંતુ, તેની સાથે સાથે નડીયાદ પાસે ઉતરસંડા, વડોદરા, ભરૂચ, સુરત, બીલીમોરા ને વાપી એમ કુલ આઠ રેલ્વે સ્ટેશન ટોક્યોના એકીનાકાની તર્જ પર ડેવલપ થશે. જ્યાંથી આવાગમન કરતા નાગરીકોને તમામ પ્રકારની ફેસેલિટી એક સાથે મળશે. જેનાથી રોજગાર અને અર્થતંત્ર પણ વેગવંતા રહેશે.

### શહેરી વિકાસ અગ્રસચિવના અધ્યક્ષપદે ઓથોરિટી તૈયાર

સરકારે બે સપ્તાહ પૂર્વે આ પ્રોજેક્ટના અભ્યાસ માટે શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ એમ.થેનારસન અને અધિક મુખ્ય નગર નિયોજક-ACTP હરપાલ દ્વવેને જાપાનના પ્રવાસે મોકલ્યા હતા. ત્યાંથી પરત આવ્યા બાદ ગુજરાત સરકારે એમ. થેનારસનના અધ્યક્ષપદે જ હાઈસ્પિડ રેલ સ્ટેશન- HRS એરિયા પ્લાનિંગ ઓથોરિટી રચી છે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા એમ ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરો, એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીના CEA, ચીફ ટાઉન પ્લાનર-CTP, જાપાન-ઈન્ડિયાના પ્રતિનિધી સહિત ૧૦ સભ્યો નિયુક્ત કર્યા છે.

### ઓથોરિટી જમીન મેળવશે અને શહેરને ડેવલપ કરશે

આ ઓથોરિટી જ આઠ સ્ટેશનોની આસપાસ જમીન મેળવશે અને તેનું ટાઉન પ્લાનિંગ કરશે. નવા શહેરને કારણે સ્થળ ઉપર વધતા ભારણને અનુલક્ષીને સંબંધિત શહેરમાં ટ્રાફિકની સામે રસ્તા, ગટર વ્યવસ્થાપન, વીજ લાઈન, પાણી અને પરિવહન સહિતની બાબતોમાં ફેરફારોને સુચવશે. જેના માટે જાપાનની JICA આર્ટિકેક્ટ અને ટેકનોલોજીકલ મદદ કરશે. ભંડોળ માટે ગુજરાત સરકાર પોતાના સ્ત્રોતનો ઉપયોગ કરી શકે છે.